જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૦૭/૨૦૧૮ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૦૯/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૬ કેસ કરી, ૫૪ વ્યક્તિઓને ઝડપી, ૩૧૮ લીટર દેશી દારૂ, ૫ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૬ બિયર ટીન કબજે કર્યા હતી. તેમજ જુગારધારા હેઠળ ૫ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૫,૦૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૧૦/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૯૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડી અને વિશ્વાસઘાત :-** **સમાચાર યાદી નં.૧૩૧૧/૧૮**

**રાણીપઃ** સુલોચનાબહેન સુભાષરાવ મોરે (રહે. રાણીપ ઠાકોરવાસ રાણીપ બસ સ્ટેન્ડ પાછળ બકરામંડી રાણીપ) એ તા.૮/૭/૧૮ નારોજ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩/૭/૧૮ કલાક ૧૧/૧૫ થી ૧૧/૪૫ વાગ્યા દરમ્યાન બે અજાણ્યા પુરૂષોએ સુલોચનાબહેનને રૂપિયા ૧૦૦ ના નોટોનુ બંડલ બતાવી રાણીપ મહાદેવ મંદીર બગસરાની દુકાનથી નીલકંઠ મેડીકલ સ્ટોર્સ થી રાણીપ બલોલનગર ગાયત્રી ભાજીપાઉ લારી સુધી પાછળ પાછળ આવી યુક્તિપ્રયુક્તિ કરી વિશ્વાસમાં લઈ સુલોચનાબહેનને રૂપિયા ૧૦૦ ના નોટોના બંડલના બદલે કાગળોનુ બંડલ આપી સુલોચનાબહેનને પહેરેલ સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૨૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૩૦૦૦/- કઢાવી લઈ છેતરપીંડી કરી જતા રહ્યા હતા. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી ચંદ્રસિહ રાયમલભાઇ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૩૧૨/૧૮**

**વાસણાઃ** દિપેન જયેશભાઇ શાહ (ઉ.વ.૩૫) (રહે. શ્યામ સુંદર સોસાયટી વિભાગ-૨ રતીલાલ પટેલ હોલ પાછળ ભૈરવનાથ રોડ મણીનગર) એ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૮/૭/૧૮ બપોરના ૧/૦૦ થી તા.૯/૭/૧૮ કલાક ૯/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નિશાંત કોમ્પલેક્ષમા પહેલા માળે આવેલ “વ્રજ એન્ટરપ્રાઇઝ” નામની પોતાની ઓફીસની સ્લાઈડર બારી ખોલી અજાણી વ્યક્તિ ઓફીસમાં પ્રવેશ કરી ઓફીસમાંથી અલગ-અલગ બાથરૂમ મટીરીયલ્સનો સામાન મળી અંદાજીત કુલ કિમત રૂપિયા ૮૯,૭૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ વુ.પો.સ.ઇ.શ્રી એસ.બી.ચૌધરી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૩૧૩/૧૮**

**વસ્ત્રાપુરઃ** શ્વેતાબહેન ડો/ઓ હરીઓમભાઇ રાવત (રહે.નિર્માણ સ્ક્વેર ટેનામેન્ટ નીલ બંગલો પાસે વિશ્વકર્મા બંગલો પાસે ચાંદલોડીયા) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૮/૭/૧૮ સાંજના ૬/૫૦ થી ૭/૧૦ વાગ્યા દરમ્યાન સિન્ધુભવન રોડ આઈસીઆઈસીઆઈ બેંક સામે કોંડોમીનીયમ (K158) નામના કોમ્પ્લેક્ષ બહાર પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી બેગની ચોરી કરી લઈ ગઈ છે. જે બેગમાં જુદી-જુદી વસ્તુઓ મળી કુલ રૂપિયા ૫૫,૦૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ હે.કો. શ્રી મહેન્દ્ર વાસુદેવ ચલાવે છે.

**એલીસબ્રીજઃ** હીતેષકુમાર હીરાભાઇ પરમાર (રહે. ન્યુ ગીરીરાજ સોસાયટી આર.આર.ત્રીવેદી સ્કુલ પાસે વેજલપુર) એ તા.૯/૭/૧૮ નારોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૭/૬/૧૮ થી તા.૯/૭/૧૮ સુધીના સમયગાળા દરમ્યાન એલીસબ્રીજ પોલીસ લાઇનની બહાર આવેલ અમુલ પાર્લરનુ રિનોવેશન ચાલતુ હોઈ ખુલ્લી જગ્યામાં પાર્લરના કાઉનટરમાંથી અજાણી વ્યક્તિ અલગ-અલગ સમયે રોકડ રૂપિયા ૩,૦૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી પી.ડી.પરમાર ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૧૪/૧૮**

**વસ્ત્રાપુરઃ** હંસાબહેન ચીમનભાઇ સુથાર (ઉ.વ.૬૦) (રહે.દ્વારકેશ ફ્લેટ પાર્મેશ્વર મહાદેવ પાસે બોડકદેવ) તા.૯/૭/૧૮ સાજના ૫/૧૫ વાગ્યાના સુમારે બોદકદેવ આઈઓસી પેટ્રોલપંપ સામે ગલીમાં આવેલ પામેશ્વર મહાદેવના મંદીર આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ હંસાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૫૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ હંસાબહેન સુથારે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પ્રો.પો.સ.ઇ.શ્રી વી.કે.મકવાણા ચલાવે છે.

સેટેલાઈટઃ રુકમણી વાણી વી.પી.સી.પ્રસાદ પિશિપાટિ (રહે.રાતરાણી બંગ્લોઝ સાંઈબાબા મંદીરની બાજુમા સેટેલાઈટ) તા.૯/૭/૧૮ સાજના ૫/૦૦ વાગ્યાના સુમારે સેટેલાઇટ સાંઇબાબાના મંદીર સામેની ગલી આર્યમાન એપાર્ટમેંટ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ રુકમણી વાણી વી.પી.સી.પ્રસાદ પિશિપાટિના ગળામાંથી સોનાનુ મંગળસુત્ર કિમત રૂપિયા ૪૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રુકમણી વાણી વી.પી.સી.પ્રસાદ પિશિપાટિએ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.કે.ગમારા ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૩૧૫/૧૮**

**ગોમતીપુરઃ** નરેશભાઇ ઈશ્વરભાઈ પટણી (ઉ.વ.૨૧) (રહે.ચંદનનગર પંજાબ સોસાયટી પાસે હોળી ચકલા ચમનપુરા)એ અગમ્ય કારણસર તા.૯/૭/૧૮ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે ગોમતીપુર વિક્રમ મીલ કમ્પાઉન્ડમા ઝાડ સાથે દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેન્દ્રભાઇ ભીખાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી.